# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-06-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Sunday** **National News**

### આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

*****************************************************

- ✓ જમ્મુકાશ્મીરમાં આતંકવાદને નાબૂદ કરવા કેન્દ્ર સરકાર પ્રતિબધ્ધ હોવાનું જણાવતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ
- ✓ નવી દિલ્હીના સંસદભવનના પરિસરમાં પ્રેરણા સ્થળનું ઉદઘાટન કરતાં ઉપરાષ્ટ્રપતિ..એક જ સ્થળે મહાન નેતાઓ અને સ્વાતંત્ર્ય સેનાઓની પ્રતિમાઓનું અનાવરણ ..
- ✓ સિક્કિમમાં પૂર પ્રકોપ અને ભૂસ્ખલનને કારણે ફસાયેલા બે હજાર જેટલા પ્રવાસીઓને સલામત સ્થળે ખસેડવાની કામગીરી પૂરજોશમાં
- ✓ કસ્ટમ્સ અધિકારીઓના નામે ખોટા કોલ કરીને લોકોપાસેથી નાણા પડાવનારા તત્વો સામે કસ્ટમ્સ વિભાગનુ અભિયાન.. લોકોને સતર્ક રહેવા સૂચના
- ✓ ગંગા દશાહરાની ઉજવણી માટે ગંગા ઘાટ ઉપર ભક્તજનો ઉમટ્યાં... સલામતીની ચુસ્ત વ્યવસ્થા..
- ✓ બેંગલુરમાં રમાઇ રહેલી દક્ષિણ આફ્રિકા સામેની પ્રથમ વન ડેમાં ભારતીય મહિલા ટીમનું પલળુ ભારે..દક્ષિણ આફ્રિકાની અડધી ટીમ પેવેલિયન ભેગી

***********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# NEW AMIT SHAH

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આજે કહ્યું હતું કે, નરેન્દ્ર મોદી સરકાર આતંકવાદીઓ પર કડક કાર્યવાહી કરીને એક ઉદાહરણ પ્રસ્થાપિત કરવા પ્રતિબદ્ધ છે. નવી દિલ્હીમાં એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરતાં તેમણે તમામ સુરક્ષા એજન્સીઓને મિશન મોડમાં કામ કરવા અને સંકલિત રીતે ઝડપી પ્રતિસાદ આપવા નિર્દેશ આપ્યો હતો. તેમણે કહયું કર્યું હતું કે જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ સામેની લડાઈ તેના નિર્ણાયક તબક્કામાં છે તેમણે  ઉમેર્યું હતું કે તાજેતરની ઘટનાઓ દર્શાવે છે કે આતંકવાદીને પ્રોક્સી યુદ્ધની ફરજ પડી છે.

ગૃહમંત્રીએ સુરક્ષા એજન્સીઓ વચ્ચે સંકલન, સંવેદનશીલ વિસ્તારોની  ઓળખ કરવા  અને આવા વિસ્તારોની સુરક્ષા પર ભાર મૂક્યો હતો. આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતાની નીતિનો પુનરોચ્ચાર કરતા, શ્રી શાહે કહ્યું કે સરકાર જમ્મુ અને કાશ્મીરમાંથી આતંકવાદને જડમૂળથી ઉખેડવા માટે કોઈ કસર છોડશે નહીં. મંત્રીએ કહ્યું કે સરકારના પ્રયાસોના કારણે કાશ્મીર ખીણમાં આતંકવાદી ઘટનાઓમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. શ્રી શાહે જમ્મુ અને કાશ્મીરમાં લોકસભાની ચૂંટણીમાં રેકોર્ડ મતદાન થકી ચૂંટણીના સફળ સંચાલન માટે સુરક્ષા એજન્સીઓ અને જમ્મુ અને કાશ્મીર પ્રશાસનની પ્રશંસા કરી હતી.

બેઠક દરમિયાન, શ્રી. શાહે જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા સ્થિતિ અને અમરનાથ યાત્રાની તૈયારીઓની સમીક્ષા કરી હતી. દર વર્ષે યોજાતી  અમરનાથ યાત્રા આ મહિનાની 29મી તારીખે શરૂ થવાની છે અને 19મી ઓગસ્ટ સુધી ચાલશે.

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ, જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહા, કેન્દ્રીય ગૃહ સચિવ અજય ભલ્લા, ઈન્ટેલિજન્સ બ્યુરોના ડાયરેક્ટર, આર્મી ચીફ જનરલ મનોજ પાંડે અને આર્મી ચીફ (નિયુક્ત) જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી સહિત વરિષ્ઠ સૈન્ય અધિકારીઓ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોના જનરલ, મુખ્ય સચિવ, જમ્મુ અને કાશ્મીરના ડીજીપી અને અન્ય વરિષ્ઠ અધિકારીઓએ બેઠકમાં હાજરી આપી હતી.

# VC PRERNA STHAL

**ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના સભાપતિ જગદીપ ધનખડ આજે સાંજે સંસદ ભવન પરિસરમાં નવા બનેલા પ્રેરણા–સ્થળનું ઉદ્ઘાટન કર્યુ હતુ. આ પ્રસંગે લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા, રાજ્યસભાના ઉપ–સભાપતિ હરિવંશ નારાયણ સિંહ અને સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજૂ પણ ઉપસ્થિત રહ્યાં હતા..**

**સંસદ ભવન પરિસરમાં મહાન નેતાઓ અને સ્વાતંત્ર્ય સેનાનીઓની પ્રતિમાઓને એક જ સ્થળ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે પ્રેરણા સ્થળનું નિર્માણ કરવામાં આવ્યું છે. હવે એક જ સ્થળ પરથી મહાન નેતાઓ અને સ્વાતંત્ર્ય સેનાનીઓની પ્રતિમાઓને એક જ સ્થળ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી શકાશે તેમ ઉપરાષ્ટ્રપતિએ ઉદઘાટન પ્રસંગે કહ્યું હતું.**

# EVACUTION SIKKIM

પૂર પ્રભાવિત સિક્કિમમાં, બચાવ, રાહત અને પુનઃસ્થાપન કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે, ખાસ કરીને સૌથી વધુ અસરગ્રસ્ત મંગન જિલ્લામાં યુધ્ધના ધોરણે આ કામગીરી ચાલી રહી છે.. રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી પિન્ટસો નામગ્યાલ લેપચાએ જિલ્લા વહીવટીતંત્રના વરિષ્ઠ અધિકારીઓ સાથે જિલ્લાના લોઅર ઝુશિંગ અને રાલક વોર્ડ હેઠળના સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. લગભગ 10 પરિવારોનું સ્થળાંતર કરાયું છે..

રાજ્યના પ્રવાસન અને નાગરિક ઉડ્ડયન મંત્રી ત્શેરિંગ થેન્દુપ ભુટિયાની દેખરેખ હેઠળ એરલિફ્ટ અને રોડવેઝ દ્વારા મંગન જિલ્લાના લાચુંગ અને ચુંગથાંગમાં ફસાયેલા 15 વિદેશીઓ સહિત લગભગ 2,000 પ્રવાસીઓને બહાર કાઢવા માટે રવિવારે પ્રયાસો કરવામાં આવ્યા હતા. જો કે, ખરાબ હવામાનની સ્થિતિ અને ભૂસ્ખલનથી રોડ બંધ થઇ જવાના કારણે કામગીરી થઇ શકી નથી.. મંગનના જિલ્લા કલેક્ટર હેમ કુમાર છેત્રીએ આકાશવાણી ન્યૂઝને જણાવ્યું હતું કે તમામ ફસાયેલા પ્રવાસીઓને હોટલોમાં સુરક્ષિત રીતે લઇ જવાયા  છે કારણ કે ખરાબ હવામાનને કારણે હાલમાં એરલિફ્ટિંગ અશક્ય છે. અનેક સ્થળો માર્ગ બંધ થવાને કારણે

સંપર્ક વિહોણા બન્યા છે.. તેમણે એમ પણ કહ્યું હતું કે હવામાનની સ્થિતિ સુધરતાની સાથે જ પ્રવાસીઓને સુરક્ષિત પરત લવાશે..

રાજ્યમાં અવિરત વરસાદ અને ભૂસ્ખલનથી અત્યાર સુધીમાં નવ લોકોના મોત થયા છે અને મંગન જિલ્લામાં લગભગ 2,000 પ્રવાસીઓ ફસાયેલા છે.

રાહતના પગલાંના ભાગરૂપે, સંબંધિત વિસ્તારના ધારાસભ્યો દ્વારા મૃતકોના નજીકના સંબંધીઓને ચાર લાખ રૂપિયાની સહાય  આપવામાં આવી છે. જિલ્લાના અસરગ્રસ્ત લોકોને રાહત આપવા માટે પૂરતા પ્રમાણમાં રાશનનો જથ્થો રાખવામાં આવ્યો છે. પ્રદેશના મોટાભાગના વિસ્તારોમાં વિજળી અને સંદેશાવ્યવહાર, પાણી પુરવઠો અને મૂળભૂત આવશ્યકતાઓ પણ પુનઃસ્થાપિત કરવામાં આવી છે.

# CBIC CAMPAGIN

સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સે દેશમાં વધતી જતી નાણાકીય છેતરપિંડીને અટકાવવા જાગૃતિ અભિયાન શરૂ કર્યું છે. ઝુંબેશ હેઠળ અખબારો, મોબાઇલ સંદેશાઓ, ઇમેઇલ્સ અને સોશિયલ મીડિયા સહિત અનેક પ્લેટફોર્મ દ્વારા સામાન્ય લોકોને આ નાણાકીય છેતરપિંડીથી બચાવવા માટે જાગૃત કરવામાં આવી રહ્યા છે. CBICએ જણાવ્યું હતું કે જે ઘટનાઓ પ્રકાશમાં આવી છે જેમાં ભારતીય કસ્ટમ્સ ઓફિસર તરીકે ઓળખાતા છેતરપિંડી કરનારા વ્યક્તિઓ જનતાને છેતરે છે. આ છેતરપિંડી મુખ્યત્વે ફોન કોલ્સ અથવા એસએમએસ જેવા ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરીને કરવામાં આવે છે. દંડની કાર્યવાહીનો ડર બતાવીને  નાણાં પડાવવામાં આવે છે.CBIC એ લોકોને વિનંતી કરી છે કે તેઓ છેતરપિંડી કરનારાઓની મોડસ ઓપરેન્ડી પારખી શકે, તેમની માહિતીને સુરક્ષિત રાખે, કોલ કરનારાઓની ચકાસણી કરે અને સતર્ક રહીને આવા કૃત્યોની તાત્કાલિક જાણ કરે.

# HARDIP PURI ON CONG

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ આજે કર્ણાટકમાં ઈંધણના ભાવ વધારા માટે કોંગ્રેસ પાર્ટીની ટીકા કરી હતી. રાજ્ય સરકારે 15મી જૂને પેટ્રોલ અને ડીઝલ પરના સેલ્સ ટેક્સમાં તાત્કાલિક અસરથી વધારો કર્યો હતો. જેથી ઈંધણના ભાવમાં 3 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી. સિંહે કહ્યું કે મહિલાઓને દર મહિને 8,500 રૂપિયા ટ્રાન્સફર કરવાના તેના વચનો પૂરા કરવાને બદલે કોંગ્રેસે કર્ણાટકના લોકો પર બોજ નાખ્યો છે. મંત્રીએ વધુમાં ઉમેર્યું હતું કે આવા નિર્ણયથી કોંગ્રેસનો દંભ છતો થાય છે.

## *EID AL ADHA*

સંયુક્ત આરબ અમીરાત અને વિશ્વભરના મુસ્લિમ સમુદાયના લોકો ઈદ અલ અદહાની ઉજવણી માટે મકકા પહોચ્યા છે. ભારતમાં મુસ્લીમ સમુદાયના લોકો આવતીકાલે ઇદ અલ અદહાની ઉજવણી કરશે.

ઈદ અલ અદહા દર વર્ષે મનાવવામાં આવતા બે મુખ્ય ઈસ્લામિક તહેવારોમાંનો એક છે જેને બલિદાનનો તહેવાર પણ કહેવામાં આવે છે.

સાઉદી અરેબિયામાં, વાર્ષિક હજ યાત્રાની મુખ્ય વિધિ તરીકે અરાફાત પર્વત પરથી ઉતર્યા પછી 180 દેશોના ૧૭ લાખથી વધુ હજયાત્રીઓ ઇસ્લામમાં પવિત્ર ગણાતા ઉચ્ચ સ્થાન મુઝદાલિફા ખાતે એકત્ર થયા હતા .

## GANGA DASHAHARA

ઉત્તર પ્રદેશમાં ગંગા દશહરાનો તહેવાર ઉજવવામાં આવી રહ્યો છે. દરેક ક્ષેત્રના ભક્તો ગંગા નદીના કિનારે પૂજા અર્ચના કરવા ઉમટી પડ્યા છે. આકાશવાણીના સંવાદદાતા જણાવે છે કે તહેવારને ધ્યાનમાં રાખીને પોલીસ દ્વારા નદીના કિનારે અને ઘાટો પર તકેદારી રાખવા સાથે સુરક્ષા વધારી દેવામાં આવી છે. ઘાટ પર વધારાની પોલીસ અને તરવૈયાઓ તૈનાત કરવામાં આવ્યા છે. અમરોહા,

મેરઠ, કાનપુર, ફર્રુખાબાદ, પ્રયાગરાજ, ગાઝીપુર અને બલિયા જેવા મોટા શહેરોના ગંગા નદીના ઘાટ પર વહેલી સવારથી હજારો શ્રદ્ધાળુઓ પહોંચી રહ્યાં છે.. વારાણસીમાં દેશભરમાંથી ગંગામાં ડૂબકી મારવા આવતા શ્રદ્ધાળુઓ માટે તમામ 84 ઘાટ પર વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. ગંગા દશહરાને ગંગાવતરણ પણ કહેવામાં આવે છે અને તે અંતર્ગત આ ઉજવણી થાય છે.

# T20 WORLD CRICKET CUP

આઈસીસી ટી-20 ક્રિકેટ વિશ્વકપમાં આજે પહેલી મેચ ઑસ્ટ્રેલિયા અને સ્કૉટલેન્ડ વચ્ચે રમાઈ હતી. સ્કોટલેન્ડે પહેલા બેટિંગ કરતાં 5 વિકેટ ગુમાવી 180 રન બનાવ્યા હતા. જવાબમાં ઑસ્ટ્રેલિયાની ટીમે 5 વિકેટ ગુમાવીને 186 રન બનાવી જીત હાંસલ કરી હતી. ઑસ્ટ્રેલિયાની ટીમમાંથી સૌથી વધારે 68 રન ટ્રાવિસ હેડે બનાવ્યા હતા. જ્યારે માર્ક્સ સ્ટોઈનિસે 59 રન બનાવ્યા હતા. સ્કોટલેન્ડના માર્ક વૉટ અને સફયાન શરીફે બે—બે અને બ્રેડ વ્હીલે એક વિકેટ લીધી હતી.

પહેલા બેટિંગ કરતાં સ્કોટલેન્ડની ટીમમાંથી સૌથી વધારે 60 રન બ્રેન્ડન મેકમલને બનાવ્યા હતા. ત્યારબાદ રિચી બેરિન્ગટને 42 અને જ્યોર્જ મુન્સીએ 35 રન બનાવ્યા હતા. ઑસ્ટ્રેલિયાના ગ્લેન મેક્સવેલે બે, એસ્ટન અગર, નથન એલિસ અને એડમ ઝમ્પાએ એક—એક વિકેટ લીધી હતી. આ મેચ દરમિયાન ઑસ્ટ્રેલિયાના માર્ક્સ સ્ટોઈનીસે 29 બૉલમાં 59 રન બનાવતા તેમને પ્લેયર ઑફ ધી મેચ જાહેર કરવામાં આવ્યા હતા.

તો હવે આજની અન્ય એક મેચ પાકિસ્તાન અને આયર્લૅન્ડ વચ્ચે રાત્રે 8 વાગ્યાથી શરૂ થશે.

# WOMEN CRICKET

ભારતીય મહિલા  ક્રિકેટ ટીમે બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાઇ રહેલી પ્રથમ વન ડેમાં દક્ષિણ આફ્રિકાની મહિલા ટીમને 266 રનનો વિજય લક્ષ્યાંક આપ્યો છે. છેલ્લા અહેવાલો આવ્યા ત્યારે દક્ષિણ આફ્રિકાની મહિલાઓએ 33 ઓવરમાં સાત વિકેટે ૧૦૪ રન કર્યા હતા.

પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લેતા, હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ભારતીય મહિલા ટીમે નિર્ધારિત 50 ઓવરમાં 8 વિકેટે 265 રન બનાવ્યા હતા.

ભારતની સ્ટાર ઓપનર સ્મૃતિ મંધાનાએ 117 રન ફટકાર્યા હતા. દક્ષિણ આફ્રિકા તરફથી  અયાબોંગા ખાકાએ 3 અને મસાબતા ક્લાસે બે વિકેટ લીધી હતી.

મંધાનાએ તમામ ફોર્મેટમાં 7000 આંતરરાષ્ટ્રીય રન વટાવીને એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું. તે માત્ર ભૂતપૂર્વ કેપ્ટન મિતાલી રાજથી પાછળ છે, જેણે 10 હજાર 868 રન બનાવ્યા છે. બંને ટીમો 2025માં આગામી ICC ODI વર્લ્ડ કપની તૈયારીઓના ભાગરૂપે આ ક્રિકેટ મેચનીશ્રેણી યોજાઇ છે.. ત્રણ વન-ડે ઉપરાંત, દક્ષિણ આફ્રિકાની મહિલા ટીમના ભારતના પ્રવાસમાં M. A. ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે એક ટેસ્ટ મેચ અને ત્રણ T20 આંતરરાષ્ટ્રીય મેચો રમાશે.

# EURO CUP FOOTBALL

યુરો કપ ફૂટબોલમાં, સ્પેને બર્લિનમાં ગ્રુપ બીની મેચમાં ક્રોએશિયા સામે 3- શૂન્યથી જીત સાથે તેમના અભિયાનની શરૂઆત કરી. અલવારો મોરાટા, ફેબિયન રુઇઝ અને ડેની કાર્વાજાલે વિજય અપાવતા ગોલ કર્યા હતા. ગ્રુપ બીની અન્ય એક મેચમાં, ગયા વખતના ચેમ્પિયન ઇટાલીએ ડોર્ટમંડમાં અલ્બેનિયાને 2-1થી હરાવ્યું હતું પ્રારંભિક ગોલના જવાબમાં  ઇટાલીએ એલેસાન્ડ્રો બાસ્ટોની અને નિકોલો

બેરેલાના ગોલ સાથે રમતમાં પુનરાગમન કર્યું હતું. અગાઉ, નેદિમ બજરામીએ મેચની માત્ર 23 સેકન્ડમાં અલ્બેનિયા માટે ગોલની શરૂઆત કરી હતી.

જ્યારે ગ્રુપ Aમાં, સ્વિટ્ઝર્લેન્ડે કોલોનમાં હંગેરી સામે 3-1થી જીત મેળવી હતી.... ક્વાડવો ડુઆહ, મિશેલ એબિશર અને બ્રેલ એમ્બોલોના ગોલથી સ્વિટ્ઝર્લેન્ડની જીત મળી હતી. હંગેરી માટે બાર્નાબાસ વર્ગાએ એકમાત્ર ગોલ કર્યો હતો.

ગ્રુપ સીની મેચોમાં આજે સ્લોવેનિયા ડેનમાર્ક સામે ટકરાશે અને આજે સાંજે ઈંગ્લેન્ડનો મુકાબલો સર્બિયા સામે થશે. જ્યારે ગ્રુપ ડીમાં, પોલેન્ડ દિવસ પછી નેધરલેન્ડ સામે ટકરાશે.

## RED FLAG EXCRISE

ભારતીય વાયુસેનાની ટુકડીએ અમેરિકાના એરફોર્સના અલાસ્કાના એઇલસન એરફોર્સ બેઝ ખાતે આયોજિત રેડ ફ્લેગ 2024માં ભાગ લીધો હતો. એક્સ રેડ ફ્લેગ 2024 ની આ બીજી આવૃત્તિ હતી, જે એક અદ્યતન એરિયલ કોમ્બેટ તાલીમ કવાયત છે, જે યુએસ એરફોર્સ દ્વારા વર્ષમાં ચાર વખત યોજવામાં આવે છે. આ કવાયતમાં રિપબ્લિક ઓફ સિંગાપોર એરફોર્સ, યુનાઇટેડ કિંગડમની રોયલ એરફોર્સ, રોયલ નેધરલેન્ડ એરફોર્સ, જર્મન લુફ્ટવાફે અને યુએસ એરફોર્સની સાથે ભારતીય વાયુસેનાની સહભાગિતા જોવા મળી હતી.. IAF રાફેલ એરક્રાફ્ટે એક્સ રેડ ફ્લેગમાં પ્રથમવાર ભાગ લીધો હતો. એક્સરસાઇઝ રેડ ફ્લેગ 2024 આ મહિનાની 4 થી 14 તારીખ સુધી હાથ ધરવામાં આવી હતી.

# CHINA FLOODS

ચીનમાં ભારે વરસાદને કારણે દક્ષિણ ચીનના ગુઆંગસી ઝુઆંગ સ્વાયત્ત ક્ષેત્રમાં 22 નદીઓમાં પૂર આવ્યું છે. પ્રાદેશિક જળવિજ્ઞાન કેન્દ્રે અહેવાલ આપ્યો છે કે ગુઆંગસીમાં કુલ 30 હાઇડ્રોલોજિક સ્ટેશનોએ ભયજનક સપાટી વટાવી છે..

ચીનના રાજ્ય પ્રસારણકર્તાએ અહેવાલ આપ્યો છે કે, ફુજિયન પ્રાંતમાં કાદવને કારણએ ટ્રાફિકની સમસ્યાસર્જાઇ છે.. બચાવ અને રાહતની કામગીરીમાં ભારે મુશ્કેલી સર્જાઇ રહી છે. પૂરપ્રકોપને કારણે સ્થાનિક લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી હતી. ચીન સરકારે કેટલાંક ભાગોમાં અતિશય ગરમીની ચેતવણી આપી હતી જ્યારે દક્ષિણમાં દેશના વિવિધ ભાગોમાં ગંભીર પૂરની ચેતવણીનો સામનો કર્યો હતો.